જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૧૦/૨૦૨૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૦૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૬૫ લીટર દેશી દારૂ, ૧૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૩૬ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૨,૯૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૦૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૫૦૯/૨૦૨૫**

ગાયકવાડ હવેલીઃ મોહંમદ સ/ઓ અબ્બાજભાઇ સફરી (રહે. તાહીર ફલેટ બીજો માળ વ્હોરવાડ જમાલપુર) એ તા.૨૫/૧૦/૨૦૨૫ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૧૦/૨૦૨૫ સવારના ૮/૦૦ થી તા.૨૪/૧૦/૨૦૨૫ કલાક ૦૦/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની બારી વાટે અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોનાની લગડી નંગ–૨ કિમત રૂપિયા ૪૦,૭૦૦/– અને સોનાની બંગડી કિમત રૂપિયા ૧,૪૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૮૦,૭૦૦/–મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એચ.કોડિયાતર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૫૧૦/૨૦૨૫**

ગોમતીપુરઃ કવિતાબહેન સંજયભાઇ સોનવણે (ઉ.વ.૩૫) (રહે. મોહનલાલની ચાલી, રાજપુર ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૨૧/૧૦/૨૦૨૫ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને શારદાબેન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૫/૧૦/૨૦૨૫ કલાક ૦૩/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જે.દેસાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી